# અકલ્પનીય અક્ષરોની દુનિયા કેલીગ્રાફી પ્રદર્શનમાં દેખાઈ


## પાટનગરમાં પ્રથમ વખત કેલીગ્રાફી પ્રદર્શન યોજાયુ : કેલીગ્રાફી દ્વારા યુવાનો રોજગારી મેળવી શકે છે : વિશ્વની તમામ ભાષામાં કેલીગ્રાફી કળા કરી શકાય છે



ગાંધીનગર, તા. ૧૭

તમે ક્યારેય કલ્પના કરી છે કે કમ્પ્યુટરમાં ટાઈપ કરવામાં આવતા અક્ષરો હાથની કળાથી પણ લખી શકાય છે. સ્વચ્છ અને સુંદર અક્ષરો કોને ન ગમે ? ત્યારે આવાજ અકલ્પનીય અક્ષરોની દુનિયામાં જવુ હોય તો તમારે કેલીગ્રાફી પ્રદર્શન નિહાળવું પડે. પાટનગરમાં પહેલી વખત કેલીગ્રાફી કૃતિઓનું પ્રદર્શન કળા જ્યારથી લેખનની શરૂઆત થઈ ત્યારથી છે. કેલીગ્રાફી વિશ્વની તમામ ભાષાઓમાં થઈ શકે છે. કેલીગ્રાફી એટલે એક પ્રકારની પેન દ્વારા કરવામાં આવતી કળા.

કેલીગ્રાફીમાં મિનિએચર કેલીગ્રાફી, પાર્ચમેન્ટ આર્ટ, તેમજ રોજીંદા જીવનમાં ઉપયોગી નેમ પ્લેટ, પેપર બેગ, પેપર વેઈટ, કાર્ડઝ, ટી શર્ટ, મગ પર કરી શકાય છે. જેનાથી સુંદર અને કલાત્મક હોઈ પણ વસ્તુ




ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમ વાર કેલીગ્રાફી પ્રદર્શન યોજાઈ રહ્યું છે. આ પ્રદર્શનમાં તમે ક્યારેય કલ્પના ન કરી હોય તેવા અક્ષરો નિહાળી શકશો. અક્ષરો ઉપર હાથની કળા કરવામાં આવી છે કે કમ્પ્યુટરની કામગીરી છે તેનું મૂલ્યાંકન કરવું અઘરૂ બની રહેશે.

પ્રદર્શન તા. ૧૮ અને ૧૯ બે દિવસ સાંજે ૪.૩૦ થી ૭.૩૦ અને ૧૯મીએ સવારે ૧૦ થી બપોરના ૧.૦૦ સુધી નગરની જનતા માટે સરગાસણ ચોકડી પાસે આવેલ છપ્પન ભોગ હોટલના બેન્કવેટ હોલમાં ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

કેલીગ્રાફીની કરામત વિશે ચંદ્રેશ સોની જણાવે છે કે કેલીગ્રાફી એ અક્ષરોની અભિવ્યક્તિનું શાસ્ત્ર છે. અને આ બની જાય છે. પ્રદર્શનમાં અંગ્રેજી, હિન્દી, અરેબીક અને ગુજરાતી ભાષામાં કૃતિઓ મુકવામાં આવી છે.

વધુમાં જણાવે છે કે કેલીગ્રાફી દ્વારા યુવાનો રોજગારી મેળવી શકે છે. ગાંધીનગરને બાદ કરતા રાજ્યના મોટા ભાગના શહેરોમાં કેલીગ્રાફીના કોર્ષ ચલાવવામાં આવે છે. સંપૂર્ણપણે કેલીગ્રાફી શીખવા માટે દોઢથી બે મહિના જેટલો સમય લાગે છે. કેલીગ્રાફી શિખવા દરેક ઉમરના વ્યક્તિઓ જોડાઈ શકે છે.

સામાન્ય રીતે કોઈ વિદ્યાર્થીઓ નોટબુકમાં સુંદર અને મોતી જેવા અક્ષરોથી ગુરૂઓનું દિલ જીતી લેતા હોય છે ત્યારે આ અક્ષરો તો આબેહૂબ ન કલ્પી શકાય તેવી કળા છે. કેલીગ્રાફી કોર્ષ દ્વારા અક્ષરોની જેમ જીવનને પણ સુંદર બનાવી શકાય છે તેમ જણાવ્યું છે.

# પોલીસને લુંટારૂઓની વધુ એક લપડાક

## સેક્ટર-૨૮માં વૃદ્ધાના ગળામાંથી પેંડલ સાથેનો દોરો લુંટી બે શખ્સો રફુચક્કર

ગાંધીનગર, તા. ૧૭

પાટનગરમાં રોજેરોજ એક લુંટ, ચોરી કે ઘરફોડ જેવો બનાવ બને છે. પોલીસ આ ટોળકીઓને પકડવા માટે સ્કીમો તૈયાર કરતી રહે છે ત્યારે આ ટોળકીઓ તેટલા જ ડબલ ફોર્સથી ગુનાઓ આચરે છે. શહેરના સેક્ટર-૨૮ ખાતે એક વૃદ્ધાના ગળામાંથી બાઈક પર આવેલા બે લુંટારૂઓ ઘર આંગણેથી સોનાના દોરાની લુંટ કરી પલાયન થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે વૃદ્ધાની ફરીયાદ લઈ ગુનાની તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૨૮ પ્લોટ નં. ૨૩૧-બી નવરત્ન સોસાયટી ખાતે રહેતા ૭૦ વર્ષિય વૃદ્ધા લક્ષ્મીબેન રવજીભાઈ પટેલ ગઈકાલે સાંજના અરસામાં પોતાના ઘર આંગણે સોસાયટી બહારના રસ્તા પાસેથી નીકળતા હતા તે દરમ્યાન બાઈક પર ડબલ સવારી આવેલા બે લુંટારૂઓએ વૃદ્ધાને ટાર્ગેટ બનાવ્યા હતા. તેમના ગળામાં પહેરેલો પેંડલ સાથેનો સોનાનો દોરો ઝુંટવી લુંટ ચલાવીને બન્ને શખ્સો ભાગી છુટ્યા હતા. વૃદ્ધાની બુમાબુમ સાંભળી સોસાયટી આખી ભેગી થઈ ગઈ હતી પરંતુ ત્યાં સુધીમાં બને લુંટારૂઓ રફુચક્કર થઈ ગયા હતા. લક્ષ્મીબેનની ફરીયાદને આધારે રૂ. ૩૨ હજારની પેંડલ સાથેની ચેઈનની લુંટ અંગે સે. ૨૧ પોલીસગુનો દાખલ કરી પી.આઈ. વાય.એમ. મિશ્રાએ વધુ તપાસ શરૂ કરી છે.

# રાંધેજાનાં ગેસ્ટ હાઉસમાં ચાલતા કુટણખાના પર પોલીસનો દરોડો

## બંગાળી યુવતી પાસે દેહ વ્યાપાર કરાવતા ત્રણ શખ્સો તથા બે ગ્રાહકો મળી પાંચની ધરપકડ : ત્રણ આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક રાંધેજા સર્કલ પાસે આશિર્વાદ ગેસ્ટ હાઉસમાં કુટણખાનુ ચલાવવામાં આવતુ હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી દેહ વેપાર કરાવતા ગેસ્ટહાઉસ સંચાલક સહિત ત્રણ શખ્સો અને બે ગ્રાહકો મળી પાંચની ધરપકડ કરી લીધી છે. પેથાપુર પોલીસે પાંચેય સામે ગુનો દાખલ કરી સીપીઆઈ એસ.ડી. પટેલે વધુ તપાસ આરંભી છે. કોર્ટે દેહવ્યાપાર કરાવતા ત્રણ શખ્સોની વધુ પુછતાછ માટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

પેથાપુર પીએસઆઈ વાળા તથા તેમની ટીમે ગઈ સાંજે રાંધેજા સર્કલ પાસે સ્થિત આશિર્વાદ ગેસ્ટ હાઉસમાં ચાલતા કુટણખાના પર બાતમીને આધારે દરોડો પાડી પાંચની ધરપકડ કરી લીધી. સે. ૨૪ શ્રીનગર ખાતે રહેતા ગેસ્ટહાઉસના સંચાલક રાકેશ નિકુલ શર્મા તથા તેના બે માણસો ઈદરીશ ઉમેદ મુલતાની અને ગોવિંદ ખેગનને બંગાળી યુવતી સાથે દેહવ્યાપાર કરાવતા પકડી પાડ્યા હતા. તે ઉપરાંત બે ગ્રાહકોને પણ પોલીસે પકડી પાડ્યા છે. પેથાપુરના નવા ડેલા વિસ્તારમાં રહેતા હિતેન્દ્રસિંહ હિંમતસિંહ વાઘેલા અને ધર્મેન્દ્રસિંહ દિનુસિંહ વાઘેલા બંને ગ્રાહકોની પણ ધરપકડ કરી પાંચ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. દેહ વ્યાપાર કરાવતા ત્રણેય શખ્સો કયા દલાલો મારફતે યુવતીઓ લાવતા ? કોણ યુવતીઓ પ્રોવાઈડ કરતું ? કેટલા સમયથી આ લોકો ધંધો ચલાવતા તે સહિતની પુછપરછ માટે કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

# પેન્શનરોને ન્યાયિક ધોરણે તબીબી ભથ્થું આપવા માંગ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને ન્યાયિક ધોરણે તબીબી ભથ્થું વધારવા માટે ગાંધીનગર શહેર જાગ્રત નાગરિક પરિષદના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીયાએ નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ સમક્ષ જોરદાર લેખિતમાં રજુઆત કરેલ છે. હાલમાં રૂ. ૩૦૦ માસિક તબીબી ભથ્થું મળે છે તે મજાક સમાન છે. સરકારશ્રીનો કાયદા વિભાગ જ્યુડીશીયલ અધિકારીઓને રૂ. ૧૦૦૦નું તબીબી ભથ્થું આપે છે તે અસરથી આપવાની પણ રજુઆત કરેલ છે. છેલ્લે કેન્દ્ર સરકારના તબીબી ભથ્થાના સુધારા પ્રમાણે રૂ. ૫૦૦ આપવાની પણ માંગ કરેલ છે. સરકારના માનવતાવાદી કલ્યાણકારી પ્રતિભાવ આપવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.



## પેટ્રોલપંપેથી ડીઝલ ચોરતી ત્રિપુટી ઝડપાઈ

પરઢોલનાં પેટ્રોલ પંપમાં ડીઝલની ચોરી કરતા ત્રણ શખ્સોને ડભોડા પોલીસે ઝડપી પાડ્યા છે. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે અમદાવાદ દસક્રોઈ વિસ્તારના ત્રણેય શખ્સો જગતપ્રતાપ ઊર્ફે મોન્ટુ રાજપૂત, મિતેષ પંકજ મિસ્ત્રી અને રવિ અનિલ ઠક્કરની ડીઝલ ચોરીમાં ધરપકડ કરી ઊંડી પુછપરછ શરૂ કરી છે. ત્રણેય ડીઝલ ચોરોએ અગાઉ કઈ કઈ જગ્યાએ અને કેટલીવાર આ પ્રકારે ચોરી કરી છે તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# દહેગામ - નાંદોલ - હાલીસા - છાલા માર્ગ પર વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૭

દહેગામ તાલુકામાંથી પસાર થતી ખારી નદીના પુલની કામગીરી ચાલુ છે. જેથી દહેગામ, નાંદોલ, હાલીસા, છાલા રોડનો ટ્રાફિક બંધ કરવાનો હુકમ જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી રવિશંકરે એક જાહેરનામુ બહાર પાડી કર્યો છે.

જાહેરનામામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરએ જણાવ્યું છે કે દહેગામ, નાંદોલ, હાલીસા, છાલા માર્ગનો ટ્રાફિક બંધ કરવાથી દહેગામ, નાંદોલ થી છાલા જવા માટે નાંદોલસલકીવર્ધાના મુવાડાઘારીસણાથી હાલીસા ગિયોડ છાલા તરફ જઈ શકાશે. તેમજ સાણોદાથી દહેગામ તરફ જવા ઘારીસણા બ્રિજથી ઘારીસણા વર્ધાના મુવાડા સલકી થી નાંદોલ દહેગામ તરફ વાહન ચાલકોએ જવાનું રહેશે. તે ઉપરાંત સાણોદાથી દહેગામ તરફ જવા મોટા ઈસનપુર મગોડી થઈ દહેગામ તરફ વાહન ચાલકોએ જઈ શકશે..

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ અધિનિયમની કલમ૧૩૫ ની પેટા કલમ૩ તથા ભારતીય દંડ સંહિતા૧૮૬૦ના -કરણ૧૦ની કલમ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

# જિલ્લાના નવા પીંપળજ - કોલવડા અને સુઘડ ગામે વિકાસ કામોના લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસયાત્રા અંતર્ગત વિકાસ કામોનું લોકાર્પણ કરવાનો આરંભ આજરોજ ગાંધીનગર તાલુકાના નવા પિપંળજ ગામથી થયો છે. આજે ગુજરાત રાજય યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદના અધ્યક્ષ શ્રી ભાવનાબેન દવેના હસ્તે નવા પીપળંજ, કોલવડા અને સુઘડ ગામ ખાતે રૂપિપા ૭૫ લાખથી વઘુના વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં નવા પીંપળજ ગામમાં રૂપિયા ૧૮.૧૬ લાખના, કોલવડા ગામમાં રૂપિયા ૪૮ લાખ અને સુઘડ ગામમાં રૂપિયા ૯ લાખથી વઘુના જનસુખાકારી કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નવા પીંપળજ ગામ ખાતે યોજાયેલ લોકાર્પણ સમારંભમાં અઘ્યક્ષ શ્રી ભાવનાબેન દવેએ જણાવ્યું હતું કે શહેરમાં જેમ ઘરે ઘરે પાણી મળી રહે છે, તેવી સુવિઘા ગામડાના ઘરોને આપવાનો નિર્ઘાર આ સરકારે વર્ષો અગાઉ કર્યો હતો. આજે રાજયના મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના અનેક ગામડાઓમાં આ નિર્ઘાર સાકાર થયો છે.

આજનો યુગ કોમ્પ્યુટર યુગ છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, રાજય સરકાર દ્વારા છેવાડાના ગામડામાં અભ્યાસ કરતું બાળક પણ કોમ્પ્યુટરના પ્રાથમિક જ્ઞાનથી અજ્ઞાત ન રહે તે માટે શાળાએ શાળાએ કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ અમલી બનાવવામાં આવેલ જેના ઘરે શૌચાલય નથી, તે ચૂંટણી લડી શકશે નહી, કાયદાને યાદ કરીને ગામમાં કેટલા ઘરે શૌચાલય છે, તેની માહિતી ઉપસથિત ગ્રામજનો પાસેથી મેળવી હતી. ગામના તમામ ઘરોમાં શૌચાલયની સુવિઘા હોવાની વાત જાણી ઉપસ્થિત ગ્રામજનોની જાગૃતતાની પ્રસન્નતા કરી હતી.


(તસવીર : દિપક જાની)



આજરોજ શ્રી ભાવનાબેન દવેના હસ્તે પીપળજ ગામ ખાતે રૂપિયા ૧૮.૧૬ લાખના ખર્ચે વાસ્મો દ્વારા નિર્માણ કરવામાં આવેલ પાણીની ટાંકીનું, કોલવડા ગામની કન્યા શાળામાં રૂપિયા ૪૮ લાખના ખર્ચે નવનિર્માણ કરવામાં આવેલ ૬ ઓરડાઓનું અને સુઘડ ગામમાં રૂપિયા ૯.૬૬ લાખના ખર્ચે તૈયાર થયેલ પાઈપલાઈનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કોલવડા ગામ ખાતે લોકાર્પણ કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ શ્રી ભાવનાબેન દવેએ તાલુકાના અઘિકારીશ્રીઓ પદાઘિકારીશ્રીઓ સાથે બેઠક કરી હતી. તાલુકાના વિવિઘ પ્રશ્નોની માહિતી મેળવી હતી. તેમજ પેથાપુર નગરપાલિકાના હોદ્દેદારો સાથે પણ બેઠક કરી હતી.

પીપંળજ અને કોલવડા ગામ ખાતે યોજાયેલ સમારંભમાં ગાંધીનગર (ઉ)ના ઘારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુસિંહ ઠાકોર, પીપળજ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ શ્રી મનિષાબા, ગામના અગ્રણી શ્રી ભરતસિંહ વાઘેલા, ગાંઘીનગર પ્રાંત અઘિકારી શ્રી સુઘીરભાઈ પટેલ, મામલતદાર શ્રી ડી.જી.મોદી, વાસ્મો યુનિટના મેનેજર ડી. જી. કાલરિયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાઘિકારી શ્રી રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, તાલુકા ભાજપ મહામંત્રી શ્રી જશુભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસથિત રહ્યાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૧૮**
**સૂર્યાસ્ત : ૭.૦૨**

## તાપમાન

**મહત્તમ : ૪૦.૩ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૪૪ ટકા ● સાંજે ૧૯ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૧ :**
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૬.૪૫

**સ્ક્રીન-૩ :**
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૭.૦૦
બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**
લીલા : ૧૦.૦૦
ધરમ સંકટ મેં : ૩.૪૫
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
લીલા : ૬.૩૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

**મિથુન** : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશં. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર શારદાબેન રમતુજી (ઉ.વ.૬૫) મુ. પ્રાંતિયા, ઠે. ઉમીયાનગર, તા. જી.ગાંધીનગર
- સ્વ. જયપ્રકાશ રણછોડભાઈ શાહ (ઉ.વ.૫૫) બંગલા નં. ૧૫, સપ્તઋષિ સોસાયટી, કુડાસણ, તા.જી. ગાંધીનગર